**ડાયરેક્ટ ❤ સે**

તાકાત
શબ્દોમાં હોવી જોઈએ
અવાજમાં નહીં

**જન્મદિને વધામણી**



કજરી
હરેશભાઈ આચાર્ય
મો. ૯૮૨૪૯ ૯૨૨૪૭
મો. ૯૪૦૮૩ ૨૧૯૨૭



દક્ષા જાદવ
લાયોનેસ ક્લબ



ભરતકુમાર છગનલાલ શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# શ્રી પી કે ચૌધરી કૉલેજ ખાતે 'મૅમરી લૅન્ડ'નું જીવંત નિદર્શન

ગાંધીનગર, તા. ૧૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ દ્વારા આયોજિત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી કવિ, નાટ્યકાર, નવલકથાકાર, ગઝલકાર, વિવેચક જેવા વિવિધ સાહિત્યિક ક્ષેત્રમાં નામી પ્રદાન કરનાર સ્વ. ચીનુ મોદીનાં નાટકોનાં જીવંત પ્રસારણ 'મૅમરી લૅન્ડ'ની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

આ નાટકોના નિર્માતા-નિર્દેશક ઉત્પલ મોદી દ્વારા અને સંકલન રાજેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. હર્ષ કાવિઠીયા, રૂહિન ઘોરી, નૈતિક દેસાઈ, દિવ્યા દેસાઈ વગેરે કલાકારો દ્વારા અભિનય પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિભાગના ડૉ. લીના સ્વાદિયા રાણા અને પ્રા. મુન્નાબેન ચૌધરીએ સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે બહોળી સંખ્યામાં વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહી હતી. કૉલેજ પરિવારે પણ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# નવા કોબા ગામ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧૧

જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, ગાંધીનગરના ઉપક્રમે શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭ની ઍનઍસઍસ તાલીમાર્થીઓ માટે નવા કોબા ગામે યોજાયેલ કેમ્પમાં મહિલાઓના કાયદાઓ અને સેલ્ફ ડિફેન્સ અંગે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ઍનઍસૅસની ૩૨ વિદ્યાર્થિનીઓ તથા ગામનાં ૫૦ મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

શિબિરના મુખ્ય વક્તા પીએલવી સુધીર દેસાઈએ મહિલા કાયદા વિસે વિસ્તૃત જાણકારી આપી હતી. સીતારામભાઈ પટેલે કાયદો અને ધર્મ વિશે માહિતી આપી હતી.

શિબિરમાં જાણીતા સેલ્ફ ડિફેન્સ નિષ્ણાત અને બ્લેક બેલ્ટ નિષ્ણાત અરવિંદભાઈ રાણા અને તેમના સાથીદાર શૈલેષભાઈ આહિર દ્વારા સેલ્ફ ડિફેન્સની વિવિધ તરકીબોનું સુંદર નિદર્શન કરવામાં આવ્યું હતું.

શિબિરના મુખ્ય મહેમાન પદે કૉલેજના ઍનઍસએસ પ્રોગ્રામ ઑફિસર પ્રૉ. બી કે રાવ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર શિબિરનું સફળ સંચાલન ઍનઍસઍસની કૅડેટ્સ દ્વારા કરવામાં આવ્યું હતું.

# એસ. જી. પ્રાથમિક શાળામાં કોલાજ વર્કની પ્રવૃતિ યોજાઈ



એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળાના ધોરણ-૫થી૮ના વિદ્યાર્થીઓ માટે માય ફેમીલી કૉલાઝ વર્કની પ્રવૃતિનું આયોજન થયું હતું. આ પ્રવૃત્તિ અંતર્ગત વિદ્યાર્થીઓએ પોતાના પરિવારના ફોટોગ્રાફ્સ લગાવીને કોલાઝ વર્ક કર્યું હતું. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

## બી. સી. એ. કોલેજમાં

# આઈટી ફૅર 'અક્ષ ૨૦૧૮'નું સમાપન









સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટડીઝ (બી.સી.એ.) ગાંધીનગર દ્વારા કોલેજ કેમ્પસ ખાતે ત્રિદિવસીય આઈ.ટી.ફેર અને 'અક્ષ' એટલે આર્ટ અને લીટરરી ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર અને અમદાવાદ જીલ્લાની કુલ ૬૨ કરતાં વધારે સ્કૂલોના ૬૬૫૩ જેટલા વિદ્યાર્થીઓએ આઈ.ટી.ફેરની મુલાકાત લીધી હતી. જેમાં બી.સી.એ. કોલેજના ૨૦ પ્રધ્યાપકો અને ૪૧૬ વોલીયન્ટર્સની ટીમ સતત કર્યરત રહી હતી. આ આઈ.ટી.ફેરમાં કમ્પ્યુટરની વિવિધ ટેક્નોલૉજી અને તેને સંલગ્ન ટૂલ્સને દર્શાવતા ૧૯ કરતાં વધારે સ્ટોલ્સમાં ૧૨૦ જેટલા લાઈવ મોડેલ્સનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં બાયોમેટ્રિક ટેક્નોલૉજી, મલ્ટીમીડિયા ટેક્નોલૉજી, નેક્ષ્ટ જનરેશન ટેક્નોલૉજી, સેન્સર ટેક્નોલૉજી, રોબોટિક્સ, જીપીએસ ટ્રેકિંગ સિસ્ટમ, એમ્બેડેડ સિસ્ટમ, ઈન્ટરનેટ ઓન થિંગ્સ, મોબાઈલ કમ્પ્યૂટિંગ, ગૂગલ સર્વિસ, આર્ટિફિસિયલ ઈનટેલીજન્સ, વર્ચ્યુયલ રિયાલીટી, અગ્મેંટેડ રિયાલીટી, સ્માર્ટ સિટી, બ્રેઈન વિટા જેવી વિવિધ ટેક્નોલૉજી આવરી લેવામાં આવી હતી. અહીં વિદ્યાર્થીઓ દ્વારા કોલેજમાં જ તૈયાર કરવામાં આવેલા લાઈવ પ્રોજેક્ટ્સ પણ મુકવામાં આવ્યા હતા જેમાં કમ્પ્યુટર સિક્યોરિટી, ૪ડી ટેક્નોલોજી, વેબ ટેક્નોલૉજી, રોબોટ્સ દ્વારા ઘર કે ઓફિસની સિક્યોરિટી, સ્માર્ટ પાર્કિંગ, સોલર કાર, સોલર સિટિ, સ્માર્ટ મિરર, હોલોગ્રામ, ઓબ્જેક્ટ ડિટેકશન અને ફેસ ડિટેકશન, ક્યૂઆર કોડ અને બાર કોડ ફિંગર પ્રિન્ટ ડિટેકશન, સેન્સર બેઝ સિક્યુરિટી સિસ્ટમ, કાર્ટૂનિંગ, ઈમેજ મૉર્ફિંગ, સિક્યોર હોમ, ઈશારા, વાઈફાઈ જામર, એટીએમ મશીન, વર્ચુયલ મશીન જેવા વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ત્રિદિવસીય આઈ.ટી. ફેર અને અક્ષના આયોજન વિષે વધુ માહિતી આપતા કોલેજના ડાયરેકટર ડો.સંજય એમ શાહે જણાવ્યુ હતું કે કોલેજના અભ્યાસક્રમમાં શીખવવામાં આવતા વિષયોને જયારે વિદ્યાર્થીઓ પોતાની રીતે લાઈવ મોડેલમાં પરિવર્તિત કરે છે ત્યારે તેઓ સાચા અર્થમાં પારંગત થાય છે અને આ રીતે બનાવેલા લાઈવ પ્રોજેક્ટ્સને એક પ્લેટફોર્મ પૂરું પાડવા માટે અને અન્ય વિદ્યાર્થીઓ સુધી આ મેસેજ પહોચે તે હેતુથી સંસ્થા દ્વારા આવા આઈ.ટી.ફેરનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. અહી રજુ કરવામાં આવેલા જુદા જુદા પ્રોજેક્ટના કન્સેપ્ટ વિદ્યાર્થીઓ જીવન ઉપયોગી સાધનોમાં પરિવર્તિત કરે તો આવનારા ભવિષ્યમાં આપણાં મેક ઈન ઈન્ડિયાના સ્વપ્નને જરૂર સાકાર કરી શકાશે. આઈ.ટી.ફેરની સાથે આયોજિત અક્ષ-આર્ટ અને લિટરરી ઈવેન્ટમાં અક્ષ ઈવેન્ટની વિવિધ સ્પર્ધાઓ જેવીકે મહેંદી, કાર્ડ મેકિંગ, ક્વિઝ, રંગોળી, વકૃત્વ સ્પર્ધા, મેથ પઝલ, સ્ટોરી કંપલિશન, ડિબેટ, ફોક સિંગિંગ જેવી વિવિધ સપ્રધાઓમાં ૧૫૦૦ કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.અને પોતાનામાં રહેલી કળાને પ્રદર્શિત કરવા પ્રયત્ન કર્યો હતો.

આ ઈવેન્ટને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડંટ શ્રી વલ્લભભાઈ પટેલ અને ડાયરેક્ટર શ્રી ડી.ટી. કાપડિયા દ્વારા દીપ પ્રાગટય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાની વિવિધ શાળા અને કોલેજના આચાર્યશ્રીઓ, શિક્ષક મિત્રો તથા ઈંડસ્ટ્રીમાંથી મહાનુભાવો હાજર રહ્યા હતા. કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેંટ શ્રી વલ્લભભાઈ પટેલે આઈ.ટી.ફેરની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને વધુ સારું કેવીરીતે કરી શકાય તે માટે માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમગ્ર ત્રિદિવસીય આઈ. ટી. ફેર દરમિયાન વિદ્યાર્થીઓના મનોરંજન માટે જુદા જુદા ફન ઝોન અને ગેમ ઝોનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ત્રણેય દિવસ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર ઈવેન્ટનું આયોજન કોલેજના ડાયરેકટર ડો. સંજય એમ. શાહના માર્ગદર્શન હેઠળ કોલેજના પ્રાધ્યાપક મિત્રોના સહકારથી કરવામાં આવ્યું હતું.

# સ્વામી વિવેકાનંદનું જીવન અને કવન



**પ્રસંગસર**
રજનીકાન્ત ભટ્ટ

૧૨મી જાન્યુઆરી, ૧૮૬૩ મકસંક્રાંતિના દિવસે સ્વામી વિવેકાનંદનો જન્મ કલકત્તાના એક કુલીન બંગાળી પરિવારમાં થયો હતો. તેમના માતાનું નામ ભુવેશ્વરી દેવી અને પિતાનું નામ વિશ્વનાથ દત્ત હતું. વિશ્વનાથ દત્ત કલકત્તા હાઈકોર્ટના એક વકીલઅને બહુશ્રુત વિદ્વાન હતા. સ્વામીજીનું બાળપણનું નામ નરેન્દ્ર હતું. બાળપણથી તેઓ આધ્યાત્મિકતા તરફ આકર્ષણ ધરાવતા હતા. શ્રી રામકૃષ્ણ પરમહંસ તેમના ગુરુ હતા. રામકૃષ્ણદેવે તેમે શીખવ્યું હતું કે શિવ ભાવે જીવસેવા કરવી એ જઈશ્વરની શ્રેષ્ઠ પૂજા છે. સ્વામીજી કલકત્તા યુનિવર્સિટીના પશ્ચિમી તત્વજ્ઞાન અને કાયદાના સ્નાતક હતા.

ઈશ્વરની શોધમાં સ્વામીજી નવેમ્બર ૧૮૮૧માં સૌ પ્રથમ વખત શ્રી રામકૃષ્ણ પરમહંસને દક્ષિણેશ્વર કાલીમંદિર ખાતે મળ્યા. તેમણે પરમહંસ દેવને સીધો પ્રશ્ન પૂછ્યો, 'શું આપે ઈશ્વરને જોયા છે ?' પરમહંસ દેવે જવાબ આપ્યો, 'હા, મેં ઈશ્વરને જોયા છે એટલું જ નહીં, તું ઈચ્છે તો તને પણ ઈશ્વરનાં દર્શન કરાવી શકું છું.' આ રીતે સ્વામીજીએ રામકૃષ્ણને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા. ૧૬મી ઓગષ્ટ, ૧૮૮૬ના દિવસે રામકૃષ્ણદેવે મહાપ્રયાણ કર્યું. ત્યારબાદ વિવેકાનંદે ભારતનું પરિવ્રાજક તરીકે પરિભ્રમણ કર્યું અને તત્કાલીન ભારતની ગરીબી, ભૂખમરો, નિરક્ષરતા, સામાજિક કુરિવાજો, અંધવિશ્વાસ વગેરે જેવી અનેક સમસ્યાઓનો પરિચય તેમને થયો. સન ૧૮૯૩માં અમેરિકાના શિકાગો શહેરમાં યોજાનાર વિશ્વધર્મ પરિષદમાં ભારતના, હિન્દુ દર્મના પ્રતિનિધિ તરીકે ભાગ લેવા તેઓ ત્યાં ગયા. સ્વામીજીએ અમેરિકા, ઈંગ્લેન્ડ અને યુરોપમાં હિન્દુ દર્શનના સિધ્ધાંતોનો પ્રચાર-પ્રસાર કર્યો. સ્વામીજીએ સેંકડો વ્યાખ્યાનો આ દેશોમાં આપ્યા.

સ્વામીજી ૧૮૯૭માં ભારત પરત ફર્યા ત્યારે એક દિગ્વીજયી સંન્યાસીને છાજે તેવું ભવ્ય સન્માન સમગ્ર ભારત વર્ષે, કોલંબોથી અલમોડા સુધી કર્યું અને તેના સન્માનમાં સ્વામીજીએ ભારતવર્ષને સંબોધન દ્વારા, તેમની દિવ્ય વાણી દ્વારા રાષ્ટ્રમાં એક નવી ચેતના જગાવવાનું કામ કર્યું. શિવજ્ઞાને જીવસેવાના સિધ્ધાંતને ચરિતાર્થ કરવા પહેલી મે, ૧૮૯૭ના રોજ રામકૃષ્ણ મઠ અને મિશનની સ્થાપના કરી. આજે આ સંસ્થાના ભારતમાં ૧૪૫ આશ્રમો છે અને વિશ્વભરમાં ત્રીસ કરતાં વધુ કેન્દ્રો આવેલા છે. સ્વામીજીએ ચોથી જુલાઈ, ૧૯૦૨ના રોજ મહાસમાધિમાં પ્રવેશ કર્યો. તે વખતે તેમની ઉંમર ૩૯ વર્ષની હતી.

સ્વામી વિવેકાનંદનું યોગદાન તથા મહત્ત્વ

૩૯ વર્ષની અલ્પ આયુમાં સ્વામી વિવેકાનંદ જે કામ કરીને ગયા તે આવનારી અનેક સદીઓ સુધી માનવજાતને પ્રેરણા અને માર્ગદર્શન આપનું રહેશે.

શિકાગો વિશ્વધર્મ પરિષદમાં સ્વામીજીએ હિન્દુ ધર્મને સાર્વભૌમિક ઓળખ અપાવી. ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોર કહેતા કે, 'જો તમે ભારતને જાણવા માગતા હો તો વિવેકાનંદને વાંચો. તેમનામાં વધુ હકારાત્મક મળશે, નકારાત્મક કંઈ પણ નહિ.'

રોમાં રોલાંએ સ્વામીજીના સંબંધમાં એકવાર કહ્યું હતું કે, 'તેઓ જ્યાં જતા ત્યાં હંમેશાં સર્વ પ્રથમ રહેતા, તેમના દ્વિતિય હોવાની કલ્પના કરવી પણ અસંભવ છે. હર કોઈ તેમનામાં પોતાના નેતાનાં દર્શન કરતાં હતાં. તેઓ ઈશ્વરના પ્રતિનિધિ હતા અને સહુ પર પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરવું તે તેમની વિશેષતા હતી.'

તેઓ માત્ર સંત નહિ, એક મહાન દેશભક્ત, મહાનવક્તા, વિચારક, લેખક અને માનવપ્રેમી હતા. અમેરિકાથી પરત આવીને તેમણે દેશવાસીઓને આહ્વાન કરતાં કહ્યું હતું કે 'તમારી જગ્યાએ ભારતને ઊભું થવા દો. હળ પકડતા ખેડૂતની ઝૂંપડીમાંથી, માછીમારોની, ચમારોની અને ઝાડુવાળાઓની ઝૂંપડીઓમાંથી તેને જાગવા દો.' મોદીની દુકાનમાંથી, ધાણીદાળીયા વેચનારની ભઠ્ઠીમાંથી તેને બહાર આવવા દો. કારખાનાઓમાંથી અને બજારોમાંથી, ઝાડી અને જંગલો, ટેકરીઓ અને પર્વતોમાંથી તેને બહાર આવવા દો.' અને ભારતની જનતાએ આ આહ્વાનનો પ્રત્યુત્તર સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન પ્રચંડ રીતે ગાંધીજીને સમર્થન આપીને બતાવ્યો. આ રીતે સ્વામીજી ભારતીય સ્વતંત્રતા સંગ્રામના પ્રેરણાસ્ત્રોત બન્યા. સ્વામીજીને વિશ્વાસ હતો કે પવિત્ર ભારત વર્ષ ધર્મ અને દર્શનની પુણ્યભૂમિ છે. આ ભૂમિ પર જ મહાત્માઓ, ઋષિઓ અને સંતોનો જન્મ થયો છે. ભારત સંન્યાસ અને ત્યાગની ભૂમિ છે તથા અહીં આદિકાળથી આજ સુધી માનવ માટે જીવનના સર્વોચ્ચ આદર્શ મુક્તિના દ્વાર ખુલ્લા છે.

સ્વામીજી પુરોહિતવાદ, ધાર્મિક આડંબરો, કઠમુલ્લાપન અને રૂઢિઓના સખત વિરોધી હતા. તેઓએ ધર્મને મનુષ્ય સેવાના કેન્દ્રમાં રાખીને તેનું આધ્યાત્મિક ચિંતન કર્યુ હતું. તેઓ કહેતા કે ધરતી પર જો કોઈ એવો દેશ છે જેણે માનવજાતની સર્વાંગી ઉન્નતિ માટે ઈમાનદાર કોશિષ કરી હોય તો તે દેશ ભારત છે.

**ડેઈલી કરંટ**
દર્શન મારૂ
95862 87447

(૧) કયા દેશે તાજેતરમાં જ વિશ્વના સૌથી લાંબા કાચના પુલનું ઉદ્ઘાટન કર્યું છે ?
(એ) અમેરિકા
(બી) જાપાન
(સી) ચાઈના
(ડી) બ્રિટન

(૨) ભારતના કયા શહેરમાં પ્રથમ એસી લોક લ ટ્રેન શરૂ કરવામાં આવી છે ?
(એ) બેંગલુરુ (બી) દિલ્હી
(સી) કોલકાતા (ડી) મુંબઈ

(૩) અમેરિકા ઉપરાંત કયા દેશે ઈઝરાયલમાં તેના દૂતાવાસને જેરુસલેમથી ખસેડવાનો નિર્ણય જાહેર કર્યો છે ?
(એ) બ્રિટન (બી) ગ્વાટેમાલા
(સી) ભારત (ડી) ફ્રાંસ

(૪) તાજેતરમાં ભારતના કયા કેન્દ્રીય મંત્રીએ ઈલેક્ટ્રોનિક હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ લોન્ચ કરી છે ?
(એ) પ્રકાશ જાવડેકર (બી) મેનકા ગાંધી
(સી) જીતેન્દ્રસિંહ (ડી) રવિશંકર પ્રસાદ

(૫) તાજેતરમાં કયા બંગાળી પીઢ અભિનેતાનું ૭૦ વર્ષની વયે નિધન થયું છે ?
(એ) પાર્થ મુખોપાધ્યાય (બી) સોમવીર ચેટર્જી
(સી) બિબેક મુખર્જી (ડી) મુકુલ વાસ્તની

(૬) ઈન્ડિયન હિસ્ટ્રી કોંગ્રેસનું ૭૮મું સંમેલન કયા શહેરમાં યોજાયું હતું ?
(એ) મુંબઈ (બી) દિલ્હી
(સી) કોલકાતા (ડી) કોચી

(૭) કયા દેશની સંસદે પોલીસની સત્તાઓ મર્યાદિત કરતો કાયદો પસાર કર્યો છે ?
(એ) બ્રિટન (બી) ઈઝરાયલ
(સી) ફ્રાંસ (ડી) ચીન

(૮) હરિવરસનમ પુરસ્કાર ૨૦૧૭ કોને એનાયત કરવામાં આવ્યો છે?
(એ) કે એચ ચિત્રા (બી) વિજય ઐયર
(સી) કે એન મિશ્રા (ડી) પી કે સ્વામી

(૯) ૬૧મી રાષ્ટ્રીય શૂટિંગ ચેમ્પિયનશીપમાં ૨૫ મીટર પિસ્ટલ શૂટિંગમાં ગોલ્ડ મેડલ કોણે જીત્યો હતો ?
(એ) લજ્જા ગોસ્વામી (બી) રશીદા શેખ
(સી) અનીસા સૈયદ (ડી) શીખા સિંહ

(૧૦) તાજેતરમાં કયા દેશે પોતાના પ્રદેશમાં પરમાણુ વીજ પ્લાન્ટ બનાવવા માટે સુદાન દેશ સાથે કરાર કર્યા છે ?
(એ) રશિયા (બી) જોર્ડન
(સી) ફ્રાંસ (ડી) સિરીયા